ગાંધીનગર સમાચાર
તા. ૯-૭-૨૦૧૩, મંગળવાર

## તંત્રી સ્થાનેથી.....

### અષાઢસ્ય પ્રથમ દિવસે
### સંસ્કૃત પર્વએ માતૃતર્પણનો ઉત્સવ

હજારો વર્ષથી વર્ષા ઋતુને ઋતુઓની રાણીનો ઈલકાબ મળેલો છે. આકાશ અને ધરતીનું મિલન કરાવતો આષાઢ ચોમાસાનું પ્રવેશ દ્વારા છે. આપણા કાલજયી કવિઓમાં કાલિદાસ શિરોમણિ કરવિ છે. સુભાષિતકાર કહે છેઃ ફૂલોમાં ચંપાનું ફૂલ શ્રેષ્ઠ છે, નગરીઓમાં લંકા, સ્ત્રીઓમાં રંભા, રાજાઓમાં રામ અને કવિઓમાં કાલિદાસ શ્રેષ્ઠ છે. આ શ્લોક રચાયો હશે ત્યારે પણ ભારતમાં કમળ તો ખીલતાં હશે. ગુલાબ મુઘલ કાળમાં ઈરાનથી આયાત થયેલું ફૂલ છે, એથી કવિ એને બાકાત રાખે તે સમજી શકાય પરંતુ સુભાષિતકારે ચંપાનો કેમ મહિમા કર્યો હશે? કમળને કેમ અવગણ્યું હશે? કદાચ એટલા ખાતર કે ચંપામાં રંગ, રૂપ અને ગંધ હોવા છતાં એને ભમરો ભોગવી શકતો નથી. આમ ચંપો કદાચ બ્રહ્મચારી હોવાને કારણે ચડિયાતો ગણાયો હશે. લંકા સોનાની નગરી એટલે એ શ્રેષ્ઠ ગણાઈ હશે. જે હોય તે કવિઓમાં આજપર્યંત કાલિદાસની ટક્કરનો કવિ પાકવો બાકી છે. આષાઢનો પહેલો દિવસ એ એનો જન્મદિવસ હશે? કવિએ 'મેઘદૂત'ની શરૂઆત આ શબ્દોથી કરી છે, એટલે આપોઆપ એ દિવસનો મહિમા વધી જાય તે સ્વાભાવિક છે. આમ તો ચૈત્રી પંચાંગ અનુસાર આજે આષાઢનો સોળમો દિવસ ગણાય. એમાં મહિનાની શરૂઆત પૂનમ પછીની અંધારી એકમે થાય છે. આપણા દેશનું ગૌરવ ગણાતી આંગળીના વેઢે ગણાતી ચિરંજીવ વિભૂતિઓમાં કાલિદાસનું નામ આવે. એના 'અભિજ્ઞાન શાકુન્તલમ્' નાટકને વાંચી જર્મન કવિ ગેટે ગાંડાની જેમ પુસ્તક માથે મૂકીને નાચેલો. કવિ કુલગુરુ કાલિદાસનું 'રઘુવંશ' મહાકાવ્ય અને 'મેઘદૂત' ખંડકાવ્ય આપણા સાહિત્યનિધિનાં અણમોલ મોતી છે. ભોળાભાઈ પટેલ મેઘદૂત- ઘેલા વિદ્વાન હતા. 'મેઘદૂત'નો પ્રશિષ્ટ અનુવાદ વિવિધ વિદ્વજ્જનોની કલમે મળ્યો છે, જાણીતા લેખક રજનીકુમાર પંડ્યાએ એવા એક પ્રશિષ્ટ અનુવાદનું રૂપકડું સંપાદન પણ આપ્યું છે. સંક્ત આપણી ભાષાઓની ભાષા છે, માતા નહીં, માતામહી, 'નાની.' એને 'ગીર્વાણ ભારતી'- દેવોની ભાષા ગણી કાઢીને આપણે પ્રજા સમુદાયથી વેગળી કરી મૂકી છે. ઘરડાં મા બાપને વૃદ્ધાશ્રમમાં મૂકી આવવા જેવી આ વાત છે. 'સંસ્કૃત દિવસ'ની ઉજવણી એ એક પ્રકારનું માતૃતર્પણ છે. માતાને વૃદ્ધાશ્રમમાં જઈ શાલ ઓઢાડવા જેવો જ એક ઔપચારિક કર્મકાંડ. સંસ્કૃત એથી ઘણા વધારે સન્માનની અધિકારી છે. વિશ્વનું પ્રારંભિક શ્રેષ્ઠ સાહિત્ય ગ્રીક, લેટિન અને સંસ્કૃત જેવી પ્રશિષ્ટ ભાષાઓમાં રચાયું હતું. સંસ્કૃત અને સંસ્કૃતિ પરસ્પરનાં પર્યાય બની રહેલ છે. ઋગ્વેદનું સંસ્કૃત અને મહાકાવ્યનું સંસ્કૃત જુદું પડે છે. ભાષા તો વહેતી ગંગા છે. એ સિદ્ધાંત મુજબ ભર્તૃહરિ અને આદિ શંકરાચાર્યનું સંસ્કૃત એ એની કુલ્લી પ્રફુલ્લ પરિણતિ કહી શકાય. ગુજરાતી સહિત તમામ ભારતીય ભાષાઓ સંસ્કૃત સાથે નાભિનાળ સંબંધ ધરાવે છે. આજે સંસ્કૃત પર્વ નિમિત્તે ગુજરાત રાજ્યના સંસ્કૃતિ વિભાગ દ્વારા સન્માનિત થનાર વિદ્વજ્જનોનું અભિવાદન કરીએ.

હવે ચાતુર્માસનો આરંભ થતાં પર્વોની પરંપરા સરજાશે. આ પર્વો આપણને વરસાદની જેમ પરમાત્માની કૃપા પ્રસાદી સ્વરૂપે પ્રાપ્ત થયાં છે. એ આપણો ભવ્ય વારસો છે. કૃષ્ણ જન્માષ્ટમી, પર્વાધિરાજ પર્યુષણ, નવરાત્રી અને દીપોત્સવની ઉપરાંત આ ચાતુર્માસમાં ગુરુ પૂર્ણિમા અને રક્ષાબંધન તથા રાષ્ટ્રનું સ્વાતંત્ર્ય પર્વ પણ આવશે. આષાઢ સાથે જ પવિત્ર રમજાનનો સુયોગ સધાયો છે તે પણ કેવો સુભગ યોગ!

# સે. ૮ આદર્શ નિવાસી શાળાનું બે કરોડના ખર્ચે રીનોવેશન થશે

## સે. ૮ અને ૧ ૩ના કુમાર-કન્યા છાત્રાલયને એટેચ કરવા નવા રૂમ બંધાશે

ગાંધીનગર, તા. ૮

સે. ૮માં સ્થિત આદર્શ નિવાસી શાળાના રીનોવેશનનું કામ ટુંકમાં હાથ ધરાશે. આ મામલે તાજેતરમાં જ વિભાગના અધિકારીઓ સાથે બેઠક પણ યોજવામાં આવી હતી. કુમાર અને કન્યા શાળાને એટેચ કરવા માટે રૂ. ૨ કરોડનો ખર્ચ કરવામાં આવે તેવો અંદાજ છે.

શહેરમાં હાલ સે. ૮ અને સે. ૧ ૩માં આદર્શ નિવાસી કન્યાશાળાના વર્ગો આવેલ છે. અલાયદુ મકાન ઉપલબ્ધ ન હોવાથી શાળાનું શૈક્ષણિક કાર્ય સરકારી મકાનમાં ચાલે છે. સે. ૮માં આદર્શ નિવાસી કુમાર શાળા કાર્યરત છે. જ્યારે સે. ૧ ૩ માં કન્યા છાત્રાલય સ્થિત છે. સે. ૮માં સ્થિત આદર્શ નિવાસી છાત્રાલય વર્ષો જુનુ હોવાથી હાલ આ શાળામાં પાયાની સુવિધાઓ પણ ખાડે ગઈ છે. આ સઘળી સ્થિતિને ધ્યાને લઈ તંત્ર દ્વારા આદર્શ નિવાસી શાળાના રીનોવેશનનું કામ હાથ ધરવા નિર્ણય લેવાયો છે. સૂત્રોના જણાવ્યા મુજબ રૂ. ૨ કરોડના ખર્ચે આ કામગીરી હાથ ધરવા પ્લાન એસ્ટીમેન્ટ પણ તૈયાર કરી દેવાયો છે. થોડા સમય અગાઉ આ મામલે સંબંધિત અધિકારીઓ સાથે બેઠક પણ યોજવામાં આવી હતી. જેના અંતે અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને યોગ્ય સુવિધા ઉપલબ્ધ કરવા સે. ૮ સ્થિત આદર્શ નિવાસી શાળાના બિલ્ડીંગનું રીનોવેશન હાથ ધરાશે. જેમાં હોસ્ટેલ અને શાળા નજીકમાં જ કાર્યરત થાય તે મુજબ આયોજન કરવામાં આવ્યું છે. બિલ્ડીંગને જોડતા ૨૦ જેટલા રૂમ બાંધવામાં આવશે. આ ઉપરાંત સંકુલ ફરતે ફેન્સીંગ, ઈલેક્ટ્રીફીકેશન સાઈનબોર્ડ તેમજ રંગરોગાનનું કામ પણ હાથ ધરાશે. જ્યારે શાળા સંકુલમાં ફાયર સેફ્ટીના અદ્યતન સાધનો પણ મુકવામાં આવશે. આગામી દિવસોમાં કામને વહીવટી મંજુરી આપી દેવાયા બાદ ટેન્ડરપ્રક્રિયા હાથ ધરી કામગીરી શરૂ કરાશે.

## એસજી ઈંગ્લિશ મિડીયમ સ્કૂલમાં સ્લોગન મેકીંગ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર શહેરના સેક્ટર-૨૩માં આવેલી એસજી ઈંગ્લિશ મિડીયમ સ્કૂલમાં તાજેતરમાં સ્લોગન મેકીંગ સ્પર્ધઆનું આયોજન કરવામાં આવ્યું હતું.

શાળાનાં આચાર્યા શ્વેતા શર્માના માર્ગદર્શન હેઠળ તાજેતરમાં ધોરણ-૧થી ૮ના વિદ્યાર્થીઓ માટે સ્લોગન મેકીંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ ક્રાફ્ટ પેપર પર સુંદર મજાનાં સર્જનાત્મક ચિત્રો સાથે સ્લોગન તૈયાર કરી સમગ્ર સ્પર્ધામાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. શાળાના શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓને જરૂરી માર્ગદર્શન મળતાં બાળકોએ પાણી બચાવો, પર્યાવરણનું રક્ષણ, ગ્લોબલ વોર્મિંગ ઘટાડો, વૃક્ષ બચાવો વગેરે વિષયોને લગતા સુંદર ચિત્રો દોરી સ્લોગન તૈયાર કર્યા હતા. સ્પર્ધામાં વર્ગદીઠ ઉત્કૃષ્ટ સ્લોગન અલગ તારવી પ્રથમ, દ્વિતિય અને તૃતિય ક્રમે વિજેતાઓ નક્કી કરી તેમને ઈનામો આપવામાં આવ્યાં હતાં. વિજેતા વિદ્યાર્થીઓને શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

## પી.કે. ચૌધરી કોલેજની વિદ્યાર્થિનીઓએ ઉત્તરાખંડ માટે રાહત ફંડ એકઠું કર્યું

ગાંધીનગર, તા. ૮

ઉત્તરાખંડમાં સર્જાયેલી પૂર હોનારતના અસરગ્રસ્તોની મદદ કરવા માટે અનેક સંસ્થાઓ તેમજ પ્રજાજનો આગળ આવી છૂટા હાથે દાન કરી રહ્યા છે ત્યારે ગાંધીનગરની પી.કે. ચૌધરી કોલેજની એન.સી.સી. યુનિટની વિદ્યાર્થિનીઓ દ્વારા રાહત ફંડ એકત્ર કરવામાં આવ્યું હતું.

ગાંધીનગરની પી.કે. ચૌધરી મહિલા આર્ટસ, કોલેજના એન.સી.સી. યુનિટના એ.એન.ઓ. પ્રા. સોનલ મોદીના માર્ગદર્શન હેઠળ ઉત્તરાખંડના પૂર પીડિતો માટે યુનિટ દ્વારા રાહતફંડ એકત્ર કરવામાં આવ્યું હતું. કોલેજ અને હોસ્ટેલની વિદ્યાર્થિનીઓ આચાર્ય તેમજ કોલેજના કર્મચારીઓ દ્વારા સ્વેચ્છાએ દાન આપવામાં આવ્યું હતું.


આ કાર્યમાં કોલેજના આચાર્યા ડૉ. ઉર્મિલાબેન ચૌધરીએ પણ યોગ્ય સહકાર આપ્યો હતો. વિદ્યાર્થિનીઓ દ્વારા એકત્ર થયેલ રાહતફંડનો એન.સી.સી. ગર્લ્સ બટાલિયન, લૉ-ગાર્ડન, અમદાવાદ ખાતે અર્પણ કરવામાં આવ્યું હતું.

## નિશાનેબાજી શિક્ષક તાલીમ શિબિરમાં જોડાવા નિમંત્રણ

ગાંધીનગર, તા. ૮

ધી અમદાવાદ મિલિટરી એન્ડ રાયફલ ટ્રેનિંગ એસોસિએશને નિશાનેબાજી રમતના શિક્ષક બનવા માંગતા હોય તેઓને માટે તાલીમ શિબિરનું આયોજન કર્યું છે. નિશાનેબાજી શિક્ષક તાલીમ શિબિરમાં જોડાવા માંગતા ઉમેદવારે એસોસિએશનનો અમદાવાદ ખાતે પત્ર દ્વારા સંપર્ક સાધવો એમ જણાવાયું છે. ગુજરાત સ્ટેટ રાયફલ એસોસિએશન દ્વારા રાજ્યકક્ષાની નિશાનેબાજી શિક્ષક તાલીમ શિબિર અમદાવાદ ખાતે ગોંડલ ખાતે યોજાઈ હતી. ગુજરાતના વિવિધ જિલ્લા, તાલુકા, શહેર, ગામના શિક્ષકો અને કેટલાક નિશાનેબાજ રમતવીરોએ ભાગ લીધો હતો. જે કોઈ નિશાનેબાજી રમતના શિક્ષક બનવા માંગતા હોય તેઓએ એન્જિનિયર નરેન્દ્રભાઈ ઓઝા, કન્વીનર રાયફલ કલબ ધી અમદાવાદ મિલિટરી એન્ડ રાયફલ ટ્રેનિંગ એસોસિએશન, ભવન્સ કોલેજ પાસે, ખાનપુર, ગાંધીબ્રીજ, અમદાવાદ ખાતે પત્ર દ્વારા સંપર્ક કરવો એમ જણાવાયું છે.

# રથયાત્રાનું સીધું પ્રસારણ ઈટીવી ગુજરાતી પર



## અમદાવાદ અને જગન્નાથપુરીની રથયાત્રાનું જીવંત પ્રસારણ કરાશે

ગાંધીનગર, તા.૮

ભક્તિ અને આનંદના પૂર ઘૂઘવશે અને ચારે તરફ જગન્નાથજીના જયજયકાર વચ્ચે માનવસમંદર પર ભક્તિરસનો અનરાધાર વરસાદ વરસશે. અષાઢી બીજના પવિત્ર પર્વે અભૂતપૂર્વ સુરક્ષા વચ્ચે ભગવાનશ્રી જગન્નાથ, બલભદ્ર અને સુભદ્રા દેવીના રથ નીકળશે ત્યારે આ અભૂતપૂર્વ ઘટનાનું લાખો કરોડો દર્શકો સુધી જીવંત પ્રસારણ કરવામાં ઈટીવી ગુજરાતી શિરમોર બની રહેશે.

૧૮૭૮ ની સાલથી ચાલી આવતી આ અભૂતપૂર્વ પરંપરા તેના પૌરાણિક સંદર્ભ અને ઐતિહાસિક મહત્વ જોતા અપરંપાર મહિમા ધરાવે છે. જયજગદીશ ના નારાઓ જ્યાં ચારે તરફ હવામાં ગુંજતા હશે અને હાથી, ઘોડા અને સેંકડો ટ્રકોથી શોભાયમાન રથયાત્રામાં ચારેતરફ હર્ષનો માહોલ હશે, મગનો પ્રસાદ વહેંચાતો હશે ને અબાલ વૃધ્ધ સૌ આ અપ્રિતમ ઘટનાને નિહાળતા પોરસાતા હશે ત્યારે ભગવાન જગન્નાથજીની આ ૧૩૬મી રથયાત્રાનું અભૂતપૂર્વ રીતે જીવંત પ્રસારણ કરવા માટે ઈટીવી એ અત્યાધુનિક ટેકનોલોજી અને મલ્ટીપલ કેમેરા સહિત અત્યંત અનુભવી ટીમને રોકી છે.

ઈટીવી પર રથયાત્રાનું જીવંત પ્રસારણ અમદાવાદ અને જગન્નાથપૂરીથી કરવામાં આવશે છે. સાથ સાથે અન્ય શહેરોમાં થતી પણ રથયાત્રાની ઝલક પણ દર્શાવવામાં આવશે. તા. ૧૦ જુલાઈ ૨૦૧૩ના રોજ ઈટીવી ગુજરાતી પર પ્રસારિત થનારા રથયાત્રાનું પ્રસારણ ઈટીવી નેટવર્કની તમામ ચેનલો પર પણ સવારના ૪.૩૦ વાગ્યાથી ના ૯ વાગ્યા સુધી જીવંત પ્રસારણ કરવામાં આવશે. અમદાવાદ અનો જગન્નાથપુરીની રથયાત્રાને સતત પણે વારાફરતી બતાવવામાં આવશે. અબાલ વૃધ્ધ સૌને આ પ્રસારણનો લાભ લેવા ભક્તિભાવભર્યુ આમંત્રણ છે.

## મહુન્દ્રા પ્રાથમિક શાળાના ભુલકાઓએ ઉત્તરાખંડ પુરપિડિતો માટે રાહતફંડ ઉઘરાવી માનવતાની મહેંક પ્રસરાવી




ચિલોડા, તા. ૮

ગાંધીનગર તાલુકાની મહુન્દ્રા પ્રાથમિક શાળાના બાળકોએ માનવતા અને માણસાઈના દીવા પ્રગટાવવા દુખીયાના વહારે જવા તાજેતરમાં કુદરતી આફત તરીકે ઉત્તરાખંડ જળપ્રલયમાં મૃતકોને શાંતિ અર્પે તથા પુરપિડિતોને મદદરૂપ થવામાં રાહત લોકફાળો એકત્રિત કરવાનું બીડુ ઝડપ્યું. આ શાળાના બાળકોએ વેપારીઓ, વાહનચાલકો, રીક્ષાચાલકો પાસેથી ઘરે ઘરે ઘુમી હાથમાં બેનરો લઈને યથાશકિત સ્વૈચ્છિક ફાળો ઉઘરાવતા માનવતાનું ઉત્તમ ઉદાહરણ પ્રેરણારૂપ દ્દષ્ટાંતરૂપે કુલ રૂ. ૪૬૦૦ રૂ.નો ફાળો એકઠો કરી ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીના રાહતફંડમાં જમા કરાવ્યો તે અભિનંદનને પાત્ર બન્યો છે.

## દંઢાવ્ય સમાજ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરશે

ગાંધીનગર, તા.૮

દંઢાવ્ય ઝીણી ઔદિચ્ય સહસ્ત્ર વિદ્યોત્તેજક મંડળે સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામ મેળવવા ૩૦મી સપ્ટેમ્બર સુધી ફોર્મ ભરી જમા કરાવવા અખબારી યાદીમાં જણાવ્યું છે.

શ્રી દંઢાવ્ય (સત્તાવીસ) ઝીણી ઔદિચ્ય સહસ્ત્ર વિદ્યોત્તેજક મંડળ અમદાવાદ ગાંધીનગર દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓનો ઈનામ શિષ્યવૃત્તિ તથા સ્મૃતિ ચિહ્નો એનાયત કરી તેમને સન્માનવામાં આવે છે. સમાજના ધોરણ-૧૦ પાસથી આગળ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ ૩૦મી સપ્ટેમ્બર સુધીમાં કારોબારી સભ્યો અથવા મંત્રીના કાર્યાલયથી ફોર્મ મેળવી ભરીને મંત્રીના કાર્યાલયે પહોંચાડવા જૂના ફોર્મ તથા ૨૦૧૨/૨૦૧૩ના અહેવાલમાં છાપેલા ફોર્મની ઝેરોક્ષ કોપી પણ ચાલશે. ફોર્મમાં દર્શાવેલી વિગતો પૂરેપૂરી ભરીને મંત્રી નવનીતલાલ ભટ્ટ, ૫૨૩, આદર્શનગર, સેકટર-૨૪, ગાંધીનગરના સરનામે મોકલી આપવી.

# રાયફલ શુટીંગ સ્પર્ધા ૨૧મીએ યોજાશે

## સ્પર્ધાના ફોર્મ ૧૫મી જુલાઈ સુધી સ્વીકારાશે

ગાંધીનગર, તા. ૮

અમદાવાદ શહેરની વોર્ડ શુટીંગ સ્પર્ધા ધી અમદાવાદ મિલિટરી એન્ડ રાયફલ ટ્રેનિંગ એસોસિએશન દ્વારા ૨૧મી જુલાઈને રવિવારે સવારે ૧૦ કલાકે રાયફલ ક્લબ, ખાનપુર, ગાંધીબ્રીજ અમદાવાદ ખાતે યોજાશે. જે માટેના પ્રવેશ પત્રો ૧૫મી જુલાઈ સુધી સવારે ૮ થી સાંજે ૭ કલાક સુધી ભરીને આપવા જણાવાયું છે.

ધી અમદાવાદ મીલિટરી એન્ડ રાયફલ ટ્રેનિંગ એસોસીએશન દ્વારા રાયફલ ક્લબ, ખાનપુર, ગાંધીબ્રીજ, અમદાવાદ ખાતે અમદાવાદ શહેરની વોર્ડ શુટીંગ સ્પર્ધા ૨૧ જુલાઈને રવિવારનાં રોજ સવારે ૧૦.૦૦ કલાકે યોજાશે. અમદાવાદના ૬૪ વિવિધ વોર્ડની શુટીંગ સ્પર્ધામાં ૪.૫ એમ.એમ. (૦.૧૭૭'') એર રાયફલ, ઓપન સાઈટ અને પીપ સાઈટ, એર પીસ્તોલ તથા ૫.૬ એમ.એમ. (૦.૨૨'') રાયફલ ઓપન સાઈટ ૨૫ મીટરની મેચ યોજાશે. મેચમાં અમદાવાદ શહેરનાં કોઈપણ નાગરિક રાયફલ સુટીંગની જાણકારી ધરાવનાર અને તાલીમ લીધેલ તથા લાયસન્સવાળું હથિયાર ધરાવનાર ભાગ લઈ શકશે. ભાઈઓ તથા બહેનોની અલગ અલગ પેટા વિભાગ વ્યક્તિગત, સ્કાઉટ, એન.સી.સી., હોમગાર્ડ્સ, પોલીસ, મીલીટરી, સીવીલ ડીફેન્સ, ગ્રામ રક્ષક દળ, બોર્ડરવિંગ, હેન્ડીકેપ વગેરેની વ્યક્તિગત ૬૦ વર્ષથી મોટા તથા ૨૧,૧૮,૧૫,૧૨ વર્ષથી નાનાની વિવિધ વિભાગની મેચ યોજાશે. હથિયાર અને એમ્યુનેશન સંસ્થા તરફથી આપવામાં આવશે. સ્પર્ધામાં પાંચ સાઈટીંગ શોટ અને ૧૦ રેકોર્ડ શોટ આપવામાં આવશે. વિજેતાને ચંદ્રકથી અને ભાગ લેનાર તમામને પ્રમાણપત્ર એનાયત કરી નવાજવામાં આવશે. મેડલ વિજેતા આગામી શહેર કક્ષાની શુટીંહ સ્પર્ધામાં ભાગ લઈ શકશે.

# સ્પોર્ટસ ફી લેતી કેટલીક કોલેજ પાસે ગ્રાઉન્ડ નથી

અમદાવાદ, તા.૦૮

ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન આર્ટસ, કોમર્સ અને સાયન્સ કોલેજો કાર્યરત છે. આ કોલેજોમાંથી કેટલીક કોલેજો પાસે રમતગમતનું મેદાન ન હોવા છતાં વિદ્યાર્થીઓ પાસેથી સ્પોર્ટસ ફી ઉઘરાવવામાં આવે છે. રમતગમતનું મેદાન ન હોવા છતાં સ્પોર્ટસ ફી પેટે લાખો રૂપિયા ઉઘરાવતી કોલેજો સામે વિદ્યાર્થીઓમાં રોષ જોવા મળી રહ્યો છે. પ્રાપ્ત થતી માહિતી મુજબ યુજીસીનાં નિયમ મુજબ કોઈપણ કોલેજ પાસે પોતાનું રમતગમતનું મેદાન હોવું જરૂરી છે. જો કે ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કેટલીક આર્ટસ, કોમર્સ, સાયન્સ અને બી.એડ. વિદ્યાશાળાઓની કોલેજોને જાણો કે આ નિયમ લાગુ જ ન પડતો હોય તેવું ચિત્ર ઉપસી રહ્યું છે. કારણ કે આ કોલેજો પાસે પોતાનું રમતગમતનું મેદાન જ નથી. એટલું જ નહીં આ કોલેજો દ્વારા રમતગમતનું મેદાન ન હોવા છતાં વિદ્યાર્થી દીઠ વર્ષે રૂપિયા ૪૦ સ્પોર્ટસ ફી વસુલ કરવામાં આવે છે. આવી રીતે રમતગમતનું મેદાન ન હોવા છતાં વિદ્યાર્થીઓ પાસેથી રમતગમતના નામે લાખો રૂપિયાની ફી વિદ્યાર્થીઓ પાસેથી વસુલી લેવામાં આવે છે.અમદાવાદની વાત કરીએ તો લોકમાન્ય કોલેજ, એચકે કોલેજ સહિત અનેક કોલેજોમાં રમતગમતનું મેદાન ન હોવા છતાં વિદ્યાર્થીઓ પાસેથી સ્પોર્ટ ફી ઉઘરાવવામાં આવી રહી છે. ભુતકાળમાં રમતગમતનું મેદાન ન ધરાવનારી કોલેજોને નોટીસ પણ આપવામાં આવતી હતી. તેમજ કોલેજોને વિદ્યાર્થીઓને રમતગમત ફી પરત આપવાની ફરજ પણ પાડવામાં આવતી હતી.

# શૈક્ષણિક સંકુલમાં મોબાઈલ હોવો જોઈએ કે નહીં ?

**યુથ કેમ્પસ**

**- ધ્વનિલ પારેખ**

આપણે ત્યાં કેટલીક પ્રાઈવેટ કંપનીઓ એવી છે કે, જ્યાં કર્મચારીઓના અંગત મોબાઈલના વપરાશ ઉપર પ્રતિબંધ છે. કર્મચારીએ કામના સમયે મોબાઈલ બંધ રાખવાનો હોય છે અથવા તો એ સંકુલની અંદર જ એવી વ્યવસ્થા હોય છે કે મોબાઈલ કનેકશન બંધ થઈ જાય. પ્રશ્ન એ થાય કે આવું શા માટે? આ પ્રશ્નના ઉત્તરમાં એવી દલીલ છે કે, મોબાઈલના વપરાશને કારણે જે તે કર્મચારીની કામ કરવાની ક્ષમતામાં ઘટાડો થાય છે અને એ ધ્યાનથી કામ કરી શકતો નથી. આ પ્રકારની કંપનીઓમાં કામના સમય દરમ્યાન બહુ જરૂરી હોય ત્યારે અથવા તો કર્મચારીનો સંપર્ક કરવા માટે અલગ ટેલિફોન વ્યવસ્થા હોય છે.

આ તો પ્રાઈવેટ કંપનીઓની વાત થઈ પણ આવું જ ચિત્ર શાળા અને કોલેજ કૅમ્પસનું પણ જોવા મળે છે. હાલત તો અત્યારે એવી છે કે, જન્મેલું ટાબરિયું પણ મોબાઈલ પર વાતો કરતું નજરે પડે છે. શાળા કોલેજોમાં મોબાઈલ લઈને આવતા વિદ્યાર્થીઓની શિક્ષણ મેળવવાની ક્ષમતામાં ઘટાડો થાય છે અથવા તો ધ્યાનથી અભ્યાસ થઈ શકતો નથી, એવું એક સર્વેક્ષણ જણાવે છે. (પણ ભાઈ, અહીંયા ભણવું છે જ કોને? એટલે તો આવા બધા ધતિંગ થાય છે!) સમાચાર પત્રો માંથી મળતી વિગત મુજબ મહારાષ્ટ્ર સરકાર કોલેજ કૅમ્પસમાં મોબાઈલ ઉપર પ્રતિબંધનો વિચાર કરી રહી છે. મોબાઈલ હવે ન્યુસન્સ વેલ્યુ ઊભી કરે છે. એનો અનુભવ આપણા સહુની સાથે થયો હશે. વર્ગખંડમાં અધ્યાપક ભણાવતો હોય અને પાછલી બેન્ચનો વિદ્યાર્થી ફૅસબુક પર ચેટિંગ કરતો હોય એવા દશ્યો હવે વર્ગખંડમાં જોવા મળે છે. વળી, મોબાઈલ પાછળ વિદ્યાર્થી ખર્ચ કરે છે એનું શું?

ગૂજરાત વિદ્યાપીઠ જેવી સંસ્થામાં વિદ્યાર્થીપાસે મોબાઈલ પ્રતિબંધ છે. આવનારો વિદ્યાર્થી માંડ પોતાની ફી ભરી શકતો હોય અથવા તો સ્કૉલરશીપ દ્વારા એ પોતાના શિક્ષણ ખર્ચ કરતો હોય ત્યારે મોબાઈલ અને દર મહિને થતો એનો ખર્ચ એને કઈ રીતે પરવડે? વિદ્યાપીઠ સંગલગ્ન ગ્રામ મહાવિદ્યાલયમાં પણ મોબાઈલ પ્રતિબંધિત છે. આપણે સહુ હવે એટલું તો સ્વીકારીએ છીએ કે મોબાઈલ એક વ્યક્તિ સાથે સંદેશા વ્યવહારનું ઉત્તમ સાધન છે છતાં એનો દુરુપયોગ થઈ રહ્યો છે. એ સંદેશા વ્યવહારના સાધન કરતા મનોરંજનનું સાધન વધુ બની ગયો છે. કાનમાં ભૂંગળા નાથીને ડોલતા વિદ્યાર્થીઓને અન્ય લોકો સાથેનો વ્યવહાર કપાઈ જાય છે. એટલે વ્યવહારનું સાધન જ લોકો સાથેના વ્યવહારથી એને દૂર કરે છે.

સુપ્રીમ કોર્ટ અને યુજીસી વિદ્યાર્થી પાસે મોબાઈલ હોવો જોઈએ એની અમુક કિસ્સામાં તરફેણ કરે છે. ખાસ કરીને ગર્લ્સ હોસ્ટેલમાં રહીને અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓ પાસે મોબાઈલ હોય એ હિતાવહ છે. શિક્ષણ સંસ્થામાં ચાલતી અમુક પ્રવૃત્તિઓને કારણે આ પ્રકારનો નિર્ણય કરવો પડે છે. વિદ્યાર્થીનીઓ કે વિદ્યાર્થીઓ સાથે થતી રેગિંગની વિકૃતિને કારણે મોબાઈલ હોય તો અન્ય જવાબદાર અધિકારીઓનો તાત્કાલિક સંપર્ક થઈ શકે છે. પાટણકાંડ પછી પણ મોબાઈલ હોય એ તરફ ઝોક વધતો જાય છે.

ટૂંકમાં, શૈક્ષણિક સંસ્થાઓમાં વિદ્યાર્થીઓ પાસે મોબાઈલ હોવો જોઈએ કે નહીં, એ મુદ્દાની બંને બાજુઓ તપાસવા જેવી છે. દરેક શૈક્ષણિક સંકુલની પોતાની ખાસિયતો હોય છે અને ધ્યાનમાં રાખીને નિર્ણય કરવો ઘટે.

